પૂજ્યશ્રીને સંકેત મળી ગયો. તરત જ 'ખમાવું છું' બોલીને સૌને ખમાવ્યા. સાધુઓએ સઘળું વોસિરાવડાવ્યું. પૂજ્યશ્રીએ હાથ જોડીને બધું સ્વીકારી આત્મગર્હા કરી સંથારા પોરિસીની ગાથાઓ સાંભળી અને વીર વીરની રટણા કરતાં ૧૦-૪૦ મિનિટે પરલોક સિધાવ્યા. પટ્ટધર આચાર્યશ્રી વિજયરામચંદ્રસૂરિજી અને અન્ય ઘણા શિષ્યો કાનમાં નવકાર સંભળાવતા હતા અને સ્વર્ગ તરફ પ્રયાણ કર્યું.

ભાવ-સૂર્યનો અસ્ત થયો – જૈનશાસનનો સ્તંભ તૂટી પડયો. સંઘ ગમગીન બન્યો. ચોતરફ સમાચાર પહોંચી ગયા. ગામેગામથી લોકો ઊભરાયા. મુનિ ભગવંતો પ્રબળ શોકમાં ગરકાવ થઈ ગયા. કોણ કોને આશ્વાસન આપે ? કોણ કોને છાનું રાખે ? સહુએ સખત આઘાત અનુભવ્યો. બીજા દિવસે સારાયે નગરમાં પાખી પાળવામાં આવી. બજારો સ્વયં બંધ રહ્યાં. પૂજ્યશ્રીની ભવ્ય પાલખી નીકળી. પોલીસોએ ભાવાંજલિ આપી. હજારોની ઉછામણીથી અંતિમ ક્રિયા થઈ. અગ્નિસંસ્કારના સ્થળે સમાધિમંદિર બનાવી સંઘે પૂજ્યશ્રીની ચરણપાદુકાને પ્રતિષ્ઠિત કરી. જગદ્‌ગુરુ શ્રી હીરસૂરિ મહારાજા પછી ત્રણસો સાધુઓનું સર્જન કરનાર આ મહાન શિલ્પીનાં ચરણોમાં કોટિ કોટિ વંદના !!!

## જૈનશાસનના જ્યોતિર્ધર, યુગપુરુષ, પરમ ગીતાર્થ, સિદ્ધાંતનિષ્ઠ, સુવિશાળ ગચ્છાધિપતિ, સમર્થ વ્યાખ્યાનવાચસ્પતિ પરમપૂજ્ય આચાર્યપ્રવર

# શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ

* જન્મ : વિ. સં. ૧૯૫૨ ફાગણ વદ ૪, દહેવાણ.
* વતન : પાદરા (જિ. વડોદરા).
* દીક્ષા : સં. ૧૯૬૯ પોષ વદ ૧૩, ગંધારતીર્થ.
* ગણિ-પંન્યાસપદ : સં. ૧૯૮૭ કારતક વદ ૩, ભાયખલા (મુંબઈ).
* ઉપાધ્યાયપદ : સં. ૧૯૯૧ ચૈત્ર સુદ ૧૪, રાધનપુર.
* આચાર્યપદ : સં. ૧૯૯૨ વૈશાખ સુદ ૬, મુંબઈ.
* સ્વર્ગવાસ : સં. ૨૦૪૭ અષાઢ વદ ૧૪, અમદાવાદ.
* દીક્ષાપર્યાય : ૭૭ વર્ષ અને ૯ મહિના.

સુવિશાળ ગચ્છાધિપતિ, જૈનશાસનના મહાન જ્યોતિર્ધર, યુગપુરુષ, પરમ ગીતાર્થ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ, ૭૮ વર્ષનો દીર્ઘપર્યાય પાળી, ૯૬ વર્ષની ઉંમરે, અમદાવાદમાં સં. ૨૦૪૭ના અષાઢ વદ ૧૪ (તા. ૯-૮-૧૯૯૧)ના રોજ અરિહંત પરમાત્માના ધ્યાનમાં મગ્ન બનીને સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા. છેલ્લાં ત્રણ વર્ષથી



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓશ્રીની તબિયત નબળી રહેતી હતી. તેમ છતાં, અપ્રમત્ત રહેતા. તેઓશ્રી રાત્રે માત્ર બે કલાક નિદ્રા લેતા અને ધ્યાનમાં તથા જાપમાં સમય વિતાવતા. આવી વૃદ્ધાવસ્થામાં પણ પૂજ્યશ્રી નવી નવી ગાથાઓ કંઠસ્થ કરતા. સં. ૨૦૪૯નું ચાતુર્માસ ખંભાતમાં કરી તેઓશ્રી અમદાવાદ પધાર્યા હતા અને અંતિમ શિષ્ય મુનિ શ્રી હિતરુચિવિજયજીની દીક્ષા પછી સાબરમતીમાં ચાતુર્માસ માટે પધાર્યા હતા. પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનું ૭૮ વર્ષનું સુદીર્ઘ દીક્ષાજીવન સંખ્યાબંધ મહત્ત્વની ઘટનાઓથી સભર હતું. પૂજ્યશ્રીનું જીવન એટલે ઇતિહાસ. છેલ્લા સૈકામાં થઈ ગયેલા મહાન જૈનાચાર્યોનો ઇતિહાસ પૂજ્યશ્રીના જીવનકાર્યની નોંધ વિના અધૂરો ગણાય.

પ. પૂ. ગચ્છાધિપતિના નિકટના સંપર્કમાં આવવાનું મારે છેલ્લાં થોડાં વર્ષોમાં વિશેષ બન્યું. એક રીતે કહીએ તો અમારો સંબંધ જુદી જ ભૂમિકાએ હતો. મારું વતન પાદરા છે. પૂજ્યશ્રી પણ પાદરાના વતની હતા. એક જ ગામના વતની તરીકેનો અમારો સંબંધ, બીજા ભક્તો જેટલો ગાઢ નહિ તો પણ સહેજ જુદી કોટિનો હતો. મારા પિતાજી શ્રી ચીમનલાલ અમૃતલાલ શાહની ઉંમર હાલ ૯૬ વર્ષની છે. તેઓ અને પૂ. આ. શ્રી વિજયરામચન્દ્રસૂરિજી સહાધ્યાયી હતા. તેઓ બંનેનો ઉછેર પાદરા ગામમાં સાથે થયો હતો. પાદરામાં બંનેએ સરકારી (ગાયકવાડી) શાળામાં પ્રથમિક શિક્ષણ સાથે લીધું હતું. મારા પિતાશ્રીનાં એ સમયનાં સંસ્મરણો હજુ પણ તાજાં છે. કાળધર્મના થોડા દિવસ પહેલાં જ પૂજ્યશ્રીએ પાદરાના વતની શ્રી મોતીલાલ કસ્તૂરચંદ સાથે મારા પિતાશ્રીને ધર્મલાભ કહેવડાવ્યા હતા. પૂજ્યશ્રીનો જન્મ એમના મોસાળના ગામ દહેવાણમાં વિ. સં. ૧૯૫૨ ના ફાગણ વદ ૪ ના શુભ દિને થયો હતો. એમનું નામ ત્રિભુવન રાખવામાં આવ્યું હતું. એમના પિતાનું નામ છોટાલાલ અને માતાનું નામ સમરથબહેન હતું. બાળક ત્રિભુવનના જન્મ પછી માતા પિયરથી પાદરા આવે તે પહેલાં તો પિતાશ્રી છોટાલાલનું અવસાન થયું. છોટાલાલને બીજા બે ભાઈઓ હતા. છોટાલાલની માતાનું નામ (ત્રિભુવનની દાદીમાનું નામ) રતનબા હતું. એમનાં કુટુંબમાં બાળકો જીવતાં નહોતાં. એવા કુટુંબમાં કોઈ બાળક જીવી જાય તેને કોઈની નજર ન લાગે તે માટે વિચિત્ર નામ પાડવાની પરંપરા ગામડાંઓમાં હજુ પણ ચાલી આવે છે. આથી બાળક ત્રિભુવનને માતા તથા દાદીમા 'સબૂડો' કહીને બોલાવતાં. પાદરામાં ઝંડા બજાર તરફ આવેલી સરકારી શાળા પાસે એક ખડકીમાં રતનબાનું કુટુંબ એક નાનકડા ઘરમાં રહેતું. તેઓની આર્થિક સ્થિતિ સાધારણ હતી. થોડા વખત પછી ત્રિભુવનની માતા સમરથબહેન મરકીના રોગમાં મૃત્યુ પામ્યાં ત્યારે ત્રિભુવનની ઉંમર સાત વર્ષની હતી.

ત્રિભુવને પાદરાની સરકારી શાળામાં અભ્યાસ ચાલુ કર્યો. મારા પિતાશ્રી અને ત્રિભુવન એક વર્ગમાં ભણતા. શાળામાં હજી પીવાના પાણીની વ્યવસ્થા થઈ ન હતી, એટલે છોકરાઓ આસપાસનાં ઘરોમાં જઈને પાણી પી આવતા. ત્રિભુવનનું ઘર શાળાની નજીક હતું એટલે કેટલાક જૈન છોકરાઓ ત્રિભુવનના ઘરે પાણી પીવા જતા. શાળામાં ત્યારે હેડમાસ્તર તરીકે રણછોડરાય નામના શિક્ષક હતા. બીજા શિક્ષકોમાં વિશ્વનાથ, ભૂલાભાઈ, વલ્લભભાઈ, મગનલાલ

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વગેરે હતા. મોહનલાલ નામના એક માસ્તરને એમના ચકલી જેવા નાકને કારણે ગામના બધા લોકો 'મોહન ચકલી' અથવા 'ચકલી માસ્તર' તરીકે ઓળખાવતા. ભણાવવામાં તેઓ ઘણા હોંશિયાર હતા. ત્રણ પેઢી સુધીના વિદ્યાર્થીઓને તેમણે ભણાવેલા. આ ચકલી માસ્તર પાસે મારા પિતાશ્રી સાથે ત્રિભુવને પણ અભ્યાસ કર્યો હતો.

શાળામાં અભ્યાસ કર્યા પછી ત્રિભુવનને નોકરીએ બેસાડવામાં આવ્યો હતો. એ વખતે પાદરામાં ચુનીલાલ શિવલાલની અનાજની મોટી પેઢી ચાલતી હતી અને રાજસ્થાન તથા ઉત્તર ભારતમાંથી ટ્રેન દ્વારા અનાજ પાદરામાં આવતું. કિશોર ત્રિભુવનની હોંશિયારી જોઈને શેઠ ચુનીલાલે એને રાજસ્થાનમાં બાલોતરા ગામે અનાજની ખરીદી માટે મોકલેલો. આવો દૂરનો પ્રવાસ જાતે એકલા કરવાને લીધે ત્રિભુવનની હોંશિયારીની વાત પાદરામાં જાણીતી થઈ ગઈ હતી. પણ એને વ્યાવહારિક કેળવણીમાં બહુ રસ ન હતો; નવઘરી નામની શેરીમાં આવેલા ઉપાશ્રયમાં સાંજે પાઠશાળા ચાલતી તેના અભ્યાસમાં વધુ રસ પડતો. પાદરાની નવઘરી એ જમાનામાં ધર્મપ્રવૃત્તિઓથી સતત ધબકતી રહેતી. મોટા મોટા આચાર્ય ભગવંતો પાદરા જેવા નાના ગામને ચાતુર્માસનો લાભ આપતા. પં. પૂ. શ્રી બુદ્ધિસાગરસૂરિજીએ પણ કેટલાંક ચાતુર્માસ પાદરા કર્યાં હતાં. એ જમાનામાં પાદરામાં વખતોવખત દીક્ષાના પ્રસંગો ઊભા થતા. જૈન સાધુસમાજમાં પાદરાનું યોગદાન નાના ગામના પ્રમાણમાં ઘણું મોટું રહ્યું છે. છેલ્લાં પચાસ-સાઠ વર્ષમાં પાદરામાંથી પચાસથી વધુ વ્યક્તિઓએ દીક્ષા લીધી છે. એમાં પાદરાની જૈન પાઠશાળાનો પણ ઠીક ઠીક ફાળો રહ્યો છે. એ જમાનામાં પાઠશાળાનો વહીવટ વકીલ મોહનલાલ હીમચંદ તથા ડાયાલાલ વનમાળીદાસ કરતા. પાદરામાં બે દેરાસર છે : નવઘરી પાસેનું શાંતિનાથ ભગવાનનું મોટું દેરાસર અને ઝંડા બજાર પાસે આવેલું સંભવનાથ ભગવાનનું નાનું દેરાસર. ત્રિભુવન નાના દેરાસર પાસે રહેતો એટલે ત્યાં પૂજા કરવા જતો. પણ પાઠશાળા ફક્ત નવઘરીમાં હતી, એટલે સાંજના નવઘરીમાં ભણવા આવતો.

પાદરાના ધાર્મિક વાતાવરણમાં વખતોવખત પધારતા સાધુ ભગવંતોની પ્રેરક અને ઉદ્‌બોધક વાણીનો લાભ મળવા ઉપરાંત પાઠશાળાના એક શિક્ષક **શ્રી** ઊજમશી માસ્તરનું યોગદાન પણ ઘણું મોટું હતું. તેઓ કાઠિયાવાડમાં ચોટીલા ગામના વતની હતા. એમની બહેનને પાદરામાં શ્રી કેશવલાલ પ્રેમચંદ સાથે પરણાવ્યાં હતાં. એટલે ઊજમશી માસ્તરને પાદરા આવવાનું વારંવાર થતું. તેમણે મહેસાણાની પાઠશાળામાં અભ્યાસ કર્યો હતો અને ધાર્મિક શિક્ષક તરીકે વ્યવસાયાર્થે પાદરામાં આવીને વસ્યા હતા. કારણ કે તેમને પાદરાનું ધાર્મિક વાતાવરણ ગમી ગયું હતું. તેમનો આત્મા ઘણી ઊંચી કોટિનો હતો. શિક્ષક તરીકેની નોકરી કરતાં લોકોમાં ધર્મભાવના જગવવાની હોંશ તેમનામાં ઘણી હતી. પોતાનાં બાળકિશોર વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓને સૂત્રો, સ્તવનો, સજ્ઝાયો તેઓ કંઠસ્થ કરાવતા. તેઓ એટલા બધા ઉત્સાહપૂર્વક અભ્યાસ કરાવતા કે વિદ્યાર્થીઓ ગાથાઓ, સ્તવનો, સજ્ઝાયો હોંશે હોંશે કંઠસ્થ કરતા. ઊજમશી માસ્તરનો કંઠ બહુ મધુર હતો. તેમના ઉચ્ચારો અત્યંત શુદ્ધ હતા. તેઓ સંગીતના જાણકાર હતા. હારમોનિયમ સરસ વગાડતા અને મધુર કંઠે સ્તવનો-સજ્ઝાયો ગાતા અને વિદ્યાર્થીઓ પાસે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ગવડાવતા. તેઓ કવિ પણ હતા. પોતે નવાં નવાં સ્તવનો, સજ્ઝાયો રચતા. તેમની સ્વરચિત કૃતિઓની એક પુસ્તિકા પણ છપાયેલી. વિદ્યાર્થીઓમાં ધર્મભાવના વધારવા માટે ઊજમશી માસ્તર દર પૂનમે તથા રજાના દિવસે પાદરાની આસપાસનાં ગામોમાં પાઠશાળાના વિદ્યાર્થીઓને પગપાળા જાત્રા કરવા લઈ જતા અને ત્યાં દેરાસરમાં રાગરાગિણી સાથે સ્નાત્રપૂજા ભણાવતા. પાદરા પાસે આવેલા કાના કડિયાના ગામ દરાપરા તો મહિનામાં બેત્રણ વાર જાત્રા માટે જવાનું થતું. પાદરાની જેમ દરાપરા પણ ત્યારે ધાર્મિક પ્રવૃત્તિઓથી ગુંજતું. ઊજમશી માસ્તર દરાપરાની પાઠશાળામાં ભણાવવા પણ જતા. ઊજમશી માસ્તરને આ વ્યવસાય નિમિત્તે પોતાને પણ એટલો બધો ધર્મનો રંગ લાગ્યો કે વખત જતાં તેમણે શિક્ષકનો વ્યવસાય છોડી પૂ. આ. શ્રી નીતિ-સૂરિજી પાસે દીક્ષા ગ્રહણ કરીને મુનિ શ્રી ઉદયવિજયજી બન્યા હતા. સમય જતાં આચાર્યની પદવી ધારણ કરીને પૂ. ઉદયસૂરિજી બન્યા હતા. મારા પિતાશ્રી જ્યારે પણ પ. પૂ. શ્રી રામચંદ્રસૂરિજીને વંદનાર્થે મળતા ત્યારે ઊજમશી માસ્તરને અચૂક યાદ કરતા. ત્રિભુવનને બાલ્યકાળમાં અને કિશોરાવસ્થામાં પંચપ્રતિક્રમણનાં સૂત્રો તથા જીવવિચાર, નવતત્ત્વ ઇત્યાદિ સૂત્રો અને સ્તવનો તથા સજ્ઝાય કંઠસ્થ કરવાનો ઉત્સાહ જાગ્યો, તેમાં આ ઊજમશી માસ્તરનું યોગદાન પણ ઘણું મોટું હતું. ઊજમશી માસ્તરે ત્રિભુવનને ઉપાધ્યાય શ્રી યશોવિજયજી કૃત સમકિતની સડસઠ બોલની સજ્ઝાય સરસ પાકી કરાવી હતી. એની પરીક્ષામાં ત્રિભુવન પ્રથમ નંબરે આવ્યો હતો.

કિશોર ત્રિભુવન ધર્મ–અભ્યાસમાં ઘણો તેજસ્વી હતો. સાધુ ભગવંતના સંપર્કને લીધે દીક્ષા લેવાના કોડ એના મનમાં જન્મ્યા; પરંતુ એના દાદીમા, એનાં કાકાઓ એને દીક્ષા લેતા અટકાવતા હતા. કારણ કે ત્રણ ભાઈઓ વચ્ચે આ એક જ દીકરો હતો. ત્રિભુવનના પિતાના એક કાકાએ તો ત્રિભુવન જો દીક્ષા ન લે તો પોતાની દુકાન ત્રિભુવનના નામ પર કરી આપવાનું પ્રલોભન પણ બતાવ્યું હતું. પરંતુ એથી ત્રિભુવન જરા પણ આકર્ષિત થયો ન હતો. ત્રિભુવનના એક મામાએ એવી દલીલ કરી કે તારે દીક્ષા લેવી હોય તો લેજે; પરંતુ તારાં નવાં સિવડાવેલાં કપડાં ફાટી જાય પછી દીક્ષા લેજે. જવાબમાં ત્રિભુવને કહેલું કે કાતર આપો તો હમણાં ફાડી નાખું ! ત્રિભુવનને સમજાવવા માટે કાકાએ પાદરાના એક વકીલને કહ્યું. વકીલ ત્રિભુવનને પાદરાના પારસી ન્યાયાધીશ નાનાભાઈ પેસ્તનજી નવસારીવાલા પાસે લઈ જઈને દીક્ષા ન લેવા માટે સમજાવવા વિનંતી કરી. પરંતુ એ ન્યાયાધીશ પણ ત્રિભુવનની દલીલ આગળ નિરુત્તર થઈ ગયા અને કહ્યું કે આ છોકરો દીક્ષા લીધા વગર રહેશે નહિ. એ દિવસોમાં ગાયકવાડી રાજ્યમાં દીક્ષા અંગે કેટલાક કડક ધારાઓ હતા. એમાં ત્રિભુવનના સગાઓએ છાપામાં નોટિસ છપાવી હતી કે ત્રિભુવનને કોઈએ દીક્ષા આપવી નહીં. જે કોઈ દીક્ષા આપશે તેની સામે કાયદેસર પગલાં લેવામાં આવશે. કિશોર ત્રિભુવને દીક્ષા લેવાનો અડગ નિશ્ચય કર્યો હતો. પરંતુ કોની પાસે દીક્ષા લેવી એ નિર્ણય હજુ થઈ શક્યો ન હતો. બીજી બાજુ ત્રિભુવનની દીક્ષા અંગે કાયદેસરની ચેતવણી પછી દીક્ષા આપવાની બાબતમાં સાધુ ભગવંતો પણ વિમાસણ અનુભવતા. ત્રિભુવનને પૂ. દાનવિજયજી મહારાજનું ચાતુર્માસ પાદરા પાસે દરાપરામાં થયું તે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વખતે ઊજમશી માસ્તર સાથે વારંવાર દશાપરા જવાને લીધે પૂ. શ્રી દાનવિજયજી મહારાજ તથા તેઓશ્રીના શિષ્ય પૂ. પ્રેમવિજયજી મહારાજ સાથે ગાઢ સંપર્ક થયો. પોતાની દાદીમાની હયાતી સુધી દીક્ષા ન લેવાનો વિચાર જ્યારે એણે પૂ. શ્રી પ્રેમવિજયજી મહારાજ પાસે વ્યક્ત કર્યો ત્યારે મહારાજશ્રીએ એટલું જ કહ્યું કે, 'ત્રિભુવન! કાળની કોને ખબર છે? કોને ખબર છે કે તું પહેલાં જઈશ કે દાદીમા પહેલાં જશે?' પૂ. પ્રેમવિજયજી મહારાજનું આ વાક્ય ત્રિભુવનના હૃદયમાં સોંસરવું ઊતરી ગયું અને વહેલી તકે દીક્ષા લેવાનું નક્કી કર્યું. એણે થોડા વખત પછી વડોદરામાં પૂ. પ્રેમવિજયજી મહારાજ પાસે જઈ પોતાની દીક્ષાનું મુહૂર્ત કઢાવ્યું. પરંતુ એ માટે સમય ઓછો હતો. (ઓછો હોય એ જરૂરી પણ હતું.) દીક્ષા ચૂપચાપ લેવી હતી. દીક્ષા વડોદરા રાજ્યની હદની બહાર આપવામાં આવે તો તાત્કાલિક કાયદાનો કોઈ પ્રશ્ન ઊભો ન થાય. એટલે પૂ. પ્રેમવિજયજી મહારાજે ત્રિભુવનને દીક્ષા માટે બ્રિટિશ સરહદમાં આવેલા જંબુસર ગામે પહોંચવાનું કહ્યું. માસર રોડ પહોંચી, ત્યાંથી પગે ચાલીને જંબુસર જવાનું હતું. ત્રિભુવન વિશ્વામિત્રીથી ટ્રેનમાં બેઠો. રસ્તામાં પાદરા સ્ટેશન આવતું હતું. મુસાફરોની ચડઊતરમાં પોતાના ગામના કોઈ માણસો પોતાને જોઈ ન જાય તે માટે પાદરા સ્ટેશન આવતાં પહેલાં ત્રિભુવન પાટિયા નીચે સૂઈ ને સંતાઈ ગયો. સાંજના માસર રોડ ઊતરીને, પગપાળા ચાલીને તે જંબુસર રાતના સાડા-અગિયાર વાગે પહોંચ્યો. ઉપાશ્રયમાં જઈ ને એણે મોટા મહારાજને બધી વાત જણાવી. બીજે દિવસે આમોદમાં દીક્ષા આપવાનું વિચારાયું હતું; પરંતુ ત્યાં પણ ઉપાશ્રયમાં ત્રિભુવનનાં દૂરનાં એક કાકી ત્રિભુવનને જોઈ ગયાં. એટલે આમોદમાં દીક્ષા આપવાનું માંડી વાળવામાં આવ્યું અને જૈનોની વસતી વગરના તીર્થધામ ગંધારમાં દીક્ષા આપવાનું નક્કી થયું. મુનિ મંગળવિજયજીએ એ કાર્ય માટે હિંમત દર્શાવી. તેઓ તથા મુનિ નયવિજયજી તથા મુનિ પ્રકાશવિજયજી કિશોર ત્રિભુવનની સાથે ૧૯ માઈલનો વિહાર કરી ગંધાર પહોંચ્યા. ગંધારમાં દીક્ષાના મુહૂર્તનો સમય થઈ ગયો હતો અને મુંડન માટે ગામમાંથી હજામને આવતાં વાર લાગી તો ત્યાં સુધીમાં મુનિ મંગળવિજયજીએ પોતે કેશલોચ ચાલુ કરી દીધો હતો. હજામ આવી પહોંચતાં મુંડન થયું. આ રીતે પાંચ-સાત જણ વચ્ચે ત્રિભુવનનો દીક્ષાવિધિ ગુપ્ત રીતે થઈ ગયો અને નામ મુનિશ્રી રામવિજયજી રાખવામાં આવ્યું.

દીક્ષા પછી મુનિશ્રી મંગળવિજયજી મહારાજ નવદીક્ષિત સાધુ સાથે વિહાર કરીને ભરૂચ પહોંચી ગયા. આ બાજુ પાદરામાં દીક્ષાના સમાચાર પહોંચતાં ત્યાં બહુ ખળભળાટ મચી ગયો. સગાસંબંધીઓમાં આ અંગે તુરત કાયદેસર પગલાં લેવાની વાતો થઈ. બીજી બાજુ દીક્ષિત ત્રિભુવનને બળજબરીથી ઉઠાવીને ઘરે લઈ આવવાની વાતો પણ વિચારાઈ. અલબત્ત, દીક્ષાના સમાચાર સાંભળ્યા પછી દાદીમા રતનબાનું હૈયું કંઈક ઢીલું પડ્યું. તેમણે ત્રિભુવનને પાછો લઈ આવવા માટે જનારા સગાઓને આ બાબતમાં કંઈ ઉગ્ર બોલાચાલી કે ઝપાઝપી ન થાય તેવી રીતે વર્તવા વિનંતિ કરી. સગાઓ ભરૂચ પહોંચ્યા, પણ નવદીક્ષિત રામવિજયજી મહારાજ તો પોતાના નિર્ણયમાં મક્કમ હતા એટલે સગાઓનું બહુ ચાલ્યું નહીં.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓ નિરાશ થઈને પાદરા પાછા ફર્યા. દાદીમા રતનબાને બધી વાત કરી. બનેલી પરિસ્થિતિ સાથે હવે મનથી સમાધાન કરવા સિવાય તેમને માટે બીજો કોઈ રસ્તો રહ્યો ન હતો.

દીક્ષા પછી શ્રી રામવિજયજી મહારાજે સં. ૧૯૬૯નું પ્રથમ ચાતુર્માસ સિનોર ગામમાં કર્યું. એ વખતે વ્યાખ્યાનની જવાબદારી શ્રી દાનવિજયજી મહારાજની હતી. પરંતુ એક દિવસ પૂ. શ્રી દાનવિજયજીની તબિયત સારી ન હતી ત્યારે એમના ગુરુદેવ વડીલ પંજાબી મહારાજ ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજે નૂતન સાધુ શ્રી રામવિજયજીને વ્યાખ્યાન આપવા માટે ફરમાવ્યું, કારણ કે શ્રી રામવિજયજીમાં એ શક્તિ એમણે નિહાળી હતી. પાટ ઉપર બિરાજી વ્યાખ્યાન આપવાનો શ્રી રામવિજયજી માટે આ પહેલો જ પ્રસંગ હતો. પોતે ના પાડી છતાં પૂ. ગુરુભગવંની આજ્ઞા થતાં એ જવાબદારી સ્વીકારવી જ પડી. કયા વિષય પર વ્યાખ્યાન આપવું એનો વિચાર કરી લીધો. સમકિતના સડસઠ બોલની સજ્ઝાય પોતાને કંઠસ્થ હતી એના વિવેચન રૂપે તેઓશ્રીએ સરસ વ્યાખ્યાન આપ્યું. પૂ. ઉપાધ્યાય શ્રી વીરવિજયજીએ એ વ્યાખ્યાન સાંભળીને તે વખતે આગાહી કરી કે રામવિજયજી ભવિષ્યમાં એક સમર્થ વ્યાખ્યાતા થશે અને પોતાના વિષયને તર્કબદ્ધ રીતે શ્રોતાઓ સમક્ષ રજૂ કરવાની ક્ષમતા ધરાવશે.

મુનિશ્રી રામવિજયજીને દીક્ષાના પહેલા વર્ષે જ શરીરમાં પિત્તપ્રકોપને કારણે દાહની અસહ્ય વેદના થઈ હતી. પરંતુ તે વખતે તેમણે ચિત્તની પૂરી સમાધિ જાળવી હતી. ત્યાર પછી પણ પિત્તને કારણે જ્યારે જ્યારે દાહ ઊપડતો ત્યારે તેઓશ્રી પૂરી સ્વસ્થતા ધારણ કરતા. પૂ. શ્રી રામવિજયજી મહારાજે સં. ૧૯૭૦ તથા '૭૧ના ચાતુર્માસ પૂ. ગુરુદેવ સાથે ભાવનગરમાં કર્યાં. તે દરમિયાન 'કમ્મપયડી'નો અભ્યાસ ગુરુદેવ પાસે કર્યો. ત્યાર બાદ પોતાના ગુરુ ભગવંતો સાથે જ વિહાર કરતા રહ્યા. પ્રત્યેક ચોમાસામાં તેઓશ્રીના વિદ્યાભ્યાસ માટે પંડિતોની વ્યવસ્થા કરવામાં આવતી. પરિણામે, પૂજ્યશ્રીનો શાસ્ત્રીય અભ્યાસ ઘણો ઊંડો થયો. તેઓશ્રીની બુદ્ધિશક્તિ ઘણી ખીલી. દીક્ષાના સાતમા વર્ષથી તેઓશ્રી સરસ વ્યાખ્યાન આપતા થઈ ગયા. એટલી યુવાન વયે પણ પૂજ્યશ્રીના વ્યાખ્યાનનો પ્રભાવ શ્રોતાઓ ઉપર જબરદસ્ત પડતો, જે જીવનના અંત પર્યંત રહ્યો. એ તો હવે સર્વવિદિત વાત બની ગઈ છે કે પૂ. શ્રી રામવિજયજી મહારાજની વાણીનો પ્રભાવ શ્રોતાઓ ઉપર એટલો બધો પડતો કે તે સાંભળીને કેટલાંકનાં હૃદયમાં તરત જ ત્યાગ–વૈરાગ્યનો ભાવ ઊભરાઈ આવતો. કેટલાકને દીક્ષા લેવાનું મન થતું. પૂજ્યશ્રીના સંપર્કમાં આવતી વ્યક્તિ ઉપર જાણે કે કોઈ પવિત્ર જાદુઈ અસર થતી અને એમની પાસે દીક્ષા લેવાનું મન થઈ આવતું. પૂ. શ્રી રામવિજયજી મહારાજનું પોતાનું ચારિત્ર એટલી ઊંચી કોટિનું હતું, શાસ્ત્રાભ્યાસ એટલો ઊંડો હતો, તર્કશક્તિ અને વિષયને રજૂ કરવાની શૈલી એટલી પ્રભાવક હતી અને એટલો અપાર વાત્સલ્યભાવ ધરાવતું વ્યક્તિત્વ હતું કે તેઓશ્રીના પરિચયમાં આવનાર વ્યક્તિ હોંશે હોંશે દીક્ષા લેવાનો ઉમંગ ધરાવતો. યુવાન વયે જ અમદાવાદના કોટ્યાધિપતિ શેઠ શ્રી જેશીંગે તેઓશ્રી પાસે દીક્ષા લીધી હતી. એ ઘટનાએ અનેક લોકોને આશ્ચર્યચકિત કરી દીધાં હતાં. આવા તો બીજા અનેક પ્રસંગો બન્યા. પોતાના સ્વજન ઘર છોડીને દીક્ષા લે એ ઘટના

કોઈ પણ કુટુંબને વ્યવહારુ દૃષ્ટિએ ન ગમે એ દેખીતી વાત છે. પૂ. શ્રી રામવિજયજી મહારાજ પાસે દીક્ષા લેનારાઓની સંખ્યા વધતી જતી હતી. એ સંજોગોમાં દીક્ષા વિરોધી વાતાવરણ પ્રસરે એ સ્વાભાવિક હતું. પોતાના પતિએ પૂ. શ્રી રામવિજયજી પાસે દીક્ષા લીધી હતી એના વિરોધમાં રતનબાઈ નામની એક મહિલાએ એક જાહેર સભામાં શ્રી રામવિજયજી પાસે જઈને 'મારો પતિ મને પાછો આપો.' એમ કહીને શ્રી રામવિજયજીનાં કપડાં ખેંચવાનો પ્રયત્ન કર્યો હતો. આ ઝગડો કોર્ટ સુધી ગયો હતો અને કોર્ટે પૂજ્યશ્રીને નિર્દોષ જાહેર કર્યા હતા. તેઓશ્રી ઉપર થયેલાં આવા જુદાં જુદાં કારણોસર, જુદાં જુદાં સ્થળે ત્રીસેક વાર કોર્ટમાં જુબાની આપવાના પ્રસંગો ઊભા થયા હતા, અને દરેક વખતે પૂજ્યશ્રી નિર્દોષ જાહેર થયા હતા.

સં. ૧૯૭૯નું ચાતુર્માસ અમદાવાદ વિદ્યાશાળામાં કર્યું હતું. આઝાદી પૂર્વેના એ દિવસો હતા. ચાનું વ્યસન લોકોમાં વધતું જતું હતું. એ વખતે ચાનો વિરોધ પણ સખત થતો હતો. એ જમાનામાં અમદાવાદમાં રીચી રોડ (ગાંધી માર્ગ) પર આવેલી બે જાણીતી હોટલોમાં આખો દિવસ ચા પીનારાઓનો ધસારો રહેતો, જેમાં જૈનોની સંખ્યા પણ મોટી હતી. સાથે અભક્ષ્ય પણ ખવાતું. હોટલમાં રોજનું સત્તર મણ દૂધ વપરાતું. એ વખતે શ્રી રામવિજયજી મહારાજે એની સામે ઝુંબેશ ઉપાડી હતી. ઠેર ઠેર પ્રવચનો કર્યાં હતાં; અને એ પ્રવચનોનોનો પ્રભાવ લોકો ઉપર એટલો બધો પડ્યો હતો કે હોટલની ઘરાકી એકદમ ઘટી ગઈ અને રોજના સત્તર મણ દૂધને બદલે બેત્રણ મણ જેટલું દૂધ વપરાવા લાગ્યું. આજે તો ચાના વ્યસનનો કોઈ વિરોધ રહ્યો નથી, પણ એ જમાનામાં શ્રી રામવિજયજી મહારાજની વાણીનો પ્રભાવ કેટલો બધો હતો તે આ ઘટના સૂચવે છે. એ જ વર્ષે પ્રાણીહિંસાની એક બીજી વિચિત્ર ઘટના પણ અમદાવાદમાં બની હતી. અમદાવાદમાં તે સમયે કૂતરાઓનો ત્રાસ વધતો જતો હતો. એ ત્રાસમાંથી બચવું હોય તો કૂતરાઓને મારી નાખવા જોઈએ એવો એક વિચાર વહેતો થયો હતો. આવા વિચારને જૈનસમાજ સ્વીકારે જ નહિ, બલ્કે એનો સખત વિરોધ કરે એ દેખીતું છે. પરંતુ શરમજનક ઘટના તો એ બની કે પાશ્ચાત્ય કેળવણી લીધેલા એક સુધારાવાદી નાસ્તિક જૈન ઉદ્યોગપતિએ લોકોની લાગણીને વધુ દૂભવવા માટે જાણી જોઈને સંવત્સરીના પવિત્ર દિવસે જ પોતાના બંગલાના કમ્પાઉન્ડમાં સાઠ જેટલા કૂતરાઓને મરાવી નાખ્યા. આ ઘટનાનો જબરદસ્ત વિરોધ થયો. કૂતરા મારવાની હિમાયત કરનારા સામે પૂ. શ્રી રામવિજયજી મહારાજે પ્રખર આંદોલન ઉપાડ્યું હતું. પરિણામે આ હિંસક પ્રવૃત્તિ આખરે બંધ થઈ હતી. એવી જ રીતે, સં. ૧૯૭૯નું વર્ષ અમદાવાદ માટે મહત્ત્વનું બની ગયું. અમદાવાદમાં નવરાત્રિના દિવસો દરમિયાન માતાજીનો ઉત્સવ થતો અને દશેરાને દિવસે ભદ્રકાળી માતાના મંદિરમાં બલિ તરીકે એક બકરાનો વધ કરવાનો રિવાજ ચાલ્યો આવતો હતો. અમદાવાદ જેવી ધર્મનગરીમાં ધર્મના નામે એક પંચેન્દ્રિય જીવનો વધ કરવામાં આવે એ અસહ્ય હતું. એ બંધ કરાવવા માટે પૂ. શ્રી રામવિજયજી મહારાજે અમદાવાદમાં ઉગ્ર આંદોલન ચાલુ કર્યું. પોળે પોળે જઈને પોતાનાં પ્રવચનોમાં આ જ વિષય પર ભાર મૂક્યો અને આ હિંસક પ્રવૃત્તિ બંધ કરવા માટેના બધા જ ઉપાયો અજમાવી દેવા માટે ઉદ્બોધનો કર્યાં. આ આંદોલનને

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પરિણામે સમગ્ર અમદાવાદમાં ઠેર ઠેર આ જ ચર્ચા થવા માંડી. એમાં અહિંસાપ્રેમી હિંદુઓ પણ જોડાયા. અમદાવાદમાં માણેકચોકમાં ૫૦ હજારની મેદની સમક્ષ પૂ. શ્રી રામવિજયજી મહારાજે જોરદાર પ્રવચન કર્યું. એથી અમદાવાદમાં મોટું આંદોલન સર્જાયું. બીજી બાજુ સંઘો તરફથી કોર્ટનો આશ્રય લેવામાં આવ્યો અને કાનૂની કાર્યવાહી પણ કરાવાઈ. પરિણામે ભદ્રકાળી માતાના મંદિરના પૂજારીઓ ગભરાઈ ગયા. વિજયાદશમીના દિવસે ભદ્રકાળી માતાના મંદિર આગળ આ હિંસક પ્રથા અટકાવવા હજારો માણસો એકત્ર થઈ ગયા. આવા પ્રચંડ વિરોધની સામે પૂજારીઓને નમતું જોખવું પડ્યું અને બોકડાનો વધ થઈ શક્યો નહીં. લોકોએ હર્ષના પોકારો કર્યા. ત્યારથી ભદ્રકાળીના મંદિરમાં બકરાના વધની પ્રથા કાયમ માટે કાયદેસર બંધ થઈ ગઈ.

એ દિવસોમાં જૈનશાસનમાં એક વિચિત્ર ઘટના બનવા પામી હતી. લાલન નામના પંડિત ઘણા વિદ્વાન હતા. એમનાં પ્રવચનોનો પ્રભાવ લોકો પર બહુ સારો પડ્યો હતો. એમનો એક જુદી કોટિનો અનુયાયી વર્ગ ઊભો થવા લાગ્યો હતો. એમના શિષ્યોમાં શિવજીભાઈ નામના એક શિષ્ય મુખ્ય હતા. લાલન જ્યાં જતા ત્યાં 'લાલન મહારાજની જય'ના જયનાદ એમના ભક્તજનો પોકારતા. એમના અનુયાયી વર્ગનો પંડિત લાલન પ્રત્યેની ભક્તિનો અતિરેક એટલી હદ સુધી વધી ગયો કે તેઓ તેમને તીર્થંકર તરીકે માનતા. એક દિવસ લાલન મહારાજની એમના ભક્તોએ સિદ્ધગિરિ શત્રુંજયની તળેટીમાં પચીસમા તીર્થંકર તરીકે આરતી ઉતારી. આ ઘટનાએ જૈન સમાજમાં ઘણો ખળભળાટ મચાવી દીધો. તે સમયે આગમોદ્ધારક શ્રી સાગરાનંદજી મહારાજે આ ઘટનાનો સખત વિરોધ કર્યો હતો. પૂજ્યશ્રી રામવિજયજી મહારાજે પણ આ ઘટના સામે આંદોલન જગાવ્યું. એમણે પૂ. સાગરજી મહારાજ સાથે વિચારવિનિમય કરીને આ બાબતમાં કંઈક કરવું જોઈએ તેવો નિર્ણય કર્યો. એ સમયે શ્રી સાગરાનંદજી મહારાજના ભક્તોએ લાલન–શિવજી સામે આ બાબત અંગે અદાલતમાં કેસ દાખલ કર્યો. અદાલતમાં જુબાની આપવા માટે છાણીથી ઉગ્ર વિહાર કરીને પૂ. સાગરજી મહારાજ સુરત આવી પહોંચ્યા. શાસ્ત્રોના આધારે એમણે આપેલી સમર્થ જુબાનીને કારણે અદાલતનો ચુકાદો લાલન–શિવજીની વિરુદ્ધ આવ્યો. એમ કહેવાય છે કે પંડિત લાલનને પોતાને તીર્થંકર તરીકે ઓળખાવવાની કોઈ ઇચ્છા ન હતી, પરંતુ ભક્તોના આગ્રહને તેઓ વશ થઈ ગયા હતા. એ માટે એમને પશ્ચાત્તાપ થયો હતો. ત્યાર પછી તો પંડિત લાલન અમદાવાદમાં પૂ. શ્રી રામવિજયજી મહારાજના વ્યાખ્યાનમાં આવતા અને એ સાંભળીને તેમણે પોતાની ભૂલ માટે પશ્ચાત્તાપ પણ વ્યક્ત કર્યો હતો અને તેમના હૃદયનું પરિવર્તન થયું હતું.

દેવદ્રવ્ય, બાળદીક્ષા, વ્યવહારુ કેળવણી, સમાજસુધારો, તિથિચર્ચા વગેરે વિષયોમાં પૂ. શ્રી રામવિજયજી મહારાજ પોતાના વિચારો મોક્ષના લક્ષ્યની દૃષ્ટિથી તત્ત્વદર્શન અને શાસ્ત્રના આધારે સચોટ રીતે રજૂ કરતા, પરંતુ ફક્ત વર્તમાન વ્યવહારુ ઉપયોગી દૃષ્ટિથી જ વિચારતા લોકો સાથે આવા વિષયોમાં વૈચારિક સંઘર્ષ થાય અને તેના આઘાત-પ્રત્યાઘાત પડે એ સ્વાભાવિક છે. પોતાના જીવનકાળ દરમિયાન પૂ. શ્રી રામચંદ્રજી મહારાજે આવા ઘણા ઝંઝાવાતો જોયા હતા અને દરેક પ્રસંગે તેઓશ્રી જરા પણ ચલાયમાન થયા નહોતા. પોતાના

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

વિચારો અને પોતાના નિર્ણયમાં તેઓશ્રી અડગ રહ્યા હતા. આવી નીડરતાને કારણે એમને કેટલીક વાર સહન પણ કરવું પડતું. પરંતુ તે તેઓશ્રી નિર્ભયતાથી સહન કરતા. ખૂન કરવાની ધમકીના પત્રો સુધ્ધાં એમના પર આવતા અને તેથી તેઓશ્રીના ગુરુદેવ શ્રી પ્રેમવિજયજી રાત્રે ઉપાશ્રયમાં તેઓશ્રીના સંથારાનું સ્થાન બદલાવી નાખતા. એમની વહોરવા માટેની ગોચરીમાં ઝેર ભેળવી દેવાશે એવી અફવાઓ પણ ઊડતી. એટલા માટે એમના એક શિષ્ય શ્રી ચારિત્રવિજયજી ભક્તિભાવપૂર્વક સ્વેચ્છાએ પહેલાં પોતે ગોચરી વાપરી પછી જ પૂજ્યશ્રીને વાપરવા આપતા. પૂ. શ્રી રામવિજયજી મહારાજની યુવાન વયે આવી કેટલીક કનડગત થોડો સમય ચાલેલી.

પૂ. આચાર્ય ભગવંતે ગુજરાત અને રાજસ્થાન ઉપરાંત દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, બંગાળ, કલકત્તા, સમેતશિખર, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક જેવા વિસ્તારોમાં સ્થળે સ્થળે વિહાર કરી પોતાની પ્રભાવક વાણીનો લાભ અનેક લોકોને આપ્યો હતો. અમદાવાદના પ્રેમાભાઈ હોલમાં 'રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ' ઉપરનાં તેમનાં વ્યાખ્યાનો, પાવાપુરીમાં ભગવાન મહાવીર સ્વામીના જીવનચરિત્ર પરનાં વ્યાખ્યાનો, રાજગૃહીમાં આગમ સૂત્ર ઉપરની વાચના અને વ્યાખ્યાનો વગેરેએ અનેક લોકોને આકર્ષિત કર્યાં હતાં. પૂજ્યશ્રીના વ્યાખ્યાનમાં કોઈ પણ વ્યક્તિને કોઈપણ વિષય ઉપર પ્રશ્ન પૂછવાની છૂટ રહેતી અને કેટલીક વાર તો આખું વ્યાખ્યાન પ્રશ્નોત્તરી રૂપ બની જતું. તેઓશ્રી વ્યાખ્યાનમાં ક્યારેય માઈક વાપરતા નહિ. યુવાન વયે તેઓશ્રીનો અવાજ એટલો બુલંદ હતો કે હજારોની મેદની તેમનું વ્યાખ્યાન શાંતિપૂર્વક સાંભળતી. વૃદ્ધાવસ્થામાં જીવનના અંત સુધી એમણે ક્યારેય વ્યાખ્યાન આપવાની બાબતમાં પ્રમાદ સેવ્યો નથી. અશક્તિ હોય, તબિયત નાદુરસ્ત હોય તો પણ તેઓશ્રી પાટ ઉપર બિરાજમાન થઈ અચૂક વ્યાખ્યાન આપતા. છેલ્લાં કેટલાંક વર્ષોમાં તો પૂજ્યશ્રીનો અવાજ બધા શ્રોતાઓ સુધી પહોંચતો નહિ, તો પણ શ્રોતાઓ સંપૂર્ણ શાંતિ જાળવીને એમના શબ્દો પકડવા પ્રયત્ન કરતા. કેટલાક લોકોને એમના પ્રત્યે એવો દૃઢ ભક્તિભાવ રહેતો કે પોતાને વ્યાખ્યાનમાં કશું સ્પષ્ટ સાંભળવા ન મળે તો પણ એમના પવિત્ર મુખારવિંદનાં દર્શન કરીને પણ તેઓશ્રી અનેરો ઉત્સાહ અનુભવતા.

પૂ. આચાર્ય ભગવંત જ્યાં જ્યાં વિચર્યા ત્યાં ત્યાં એમના પગલે પગલે અંજનશલાકા, પ્રતિષ્ઠા, દીક્ષા, વડી દીક્ષા, પદવીપ્રદાન, જિનમંદિરની વર્ષગાંઠ, રથયાત્રા, તીર્થંકર પરમાત્માનાં કલ્યાણકોની તથા અન્ય પર્વોની ઉજવણી ઇત્યાદિ પ્રકારના ઉત્સવો સતત યોજાતા રહ્યા હતા. પૂજ્યશ્રીની પ્રેરણાથી સંઘ અને શાસનનાં ઘણાં મહત્ત્વનાં કાર્યો સ્થળે સ્થળે થયાં છે. પોતાના સુદીર્ઘ જીવનકાળ દરમિયાન તેઓશ્રીના હાથે અંજનશલાકા, પ્રતિષ્ઠા કે દીક્ષાના પ્રસંગો વર્તમાન સમયમાં જેટલા થયા છે એટલા અન્ય કોઈથી થયાનું જાણ્યું નથી. ખંભાતમાં એકસાથે ૨૪ અને અમલનેરમાં એક સાથે ૨૬ વ્યક્તિઓએ એમની પાસે દીક્ષા લીધી હતી. આ એક આશ્ચર્યકારક ઘટનાઓ છે! તેઓશ્રીના પોતાના ૧૧૮ જેટલા શિષ્યો છે. અને પ્રશિષ્યો મળીને



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

એમને હાથે ૨૫૦ થી વધુ મુનિઓએ અને ૫૦૦થી વધુ સાધ્વીજીઓએ દીક્ષા ગ્રહણ કરી છે. આ ઘટના જૈનશાસનના ઇતિહાસમાં ઘણી મોટી ગણાશે. શતાધિક શિષ્ય-પ્રશિષ્યો સાથે વિચરતા આચાર્યભગવંત તરીકે એમનું પુણ્યશ્લોક નામ સુદીર્ઘ કાળ સુધી ગુંજતું રહેશે. પૂ. આચાર્ય-ભગવંત પોતાના સાધુસમુદાયમાં આચારપાલન માટે બહુ જ ચુસ્ત હતા. જરા સરખી શિથિલતાને પણ ચલાવી લેતા નહિ. પરંતુ પોતાના દીક્ષિત સાધુઓને પોતાની પ્રેરક વાણીથી અને વાત્સલ્યભાવથી એવા તો આત્માભિમુખ બનાવી દેતા કે જેથી એમના સાધુઓ સાંસારિક પ્રલોભનો કે લોકૈષણાથી ચલિત થતા નહિ. એકંદરે ફોટા પાડવા-પડાવવાનું પણ એમના સમુદાયમાં નિષિદ્ધ રહ્યું છે. (અજાણતાં કોઈ પાડી લે તે જુદી વાત છે.) વિવિધ યોજનાઓ માટે ટ્રસ્ટો કરાવી, ધન એકત્રિત કરવાનું લક્ષ્ય પણ એમના સમુદાયમાં રખાયું નથી. પૂજ્યશ્રી શાસનનાં કાર્યો માટે કે અનુકંપા જેવા વિષયો માટે પોતાની પ્રેરક વાણી વહાવતા, પરંતુ દાન આપવા માટે સીધી અપીલ કે વ્યક્તિગત દબાણ ક્યારેય કરતા કે કરાવતા નહીં. પરંતુ તેઓશ્રીના વ્યક્તિત્વની અસર જ એવી થતી કે લોકો સામેથી દાન આપવા માટે હંમેશાં તત્પર રહેતા. પરિણામે, એમની કોઈ પણ વાત ઉપર ધનની રેલમછેલ થઈ જતી. પૂજ્યશ્રીની આ એક વિશિષ્ટ લબ્ધિ હતી. પૂજ્યશ્રીના કાળધર્મ પ્રસંગે એક કરોડ કરતાં અધિક રકમ ઉછામણીમાં બોલાઈ તે તેઓશ્રીના પ્રભાવક પુણ્યની પ્રતીતિ કરાવે છે. સંસાર ભૂંડો, દુઃખમય અને છોડવા જેવો છે, લેવા જેવો સંયમ અને મેળવવા જેવો મોક્ષ છે એ વાતનું નિરંતર લક્ષ રાખનાર અને રખાવનાર પરમ ગીતાર્થ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્ર-સૂરીશ્વરજી મહારાજને કોટિ કોટિ ભાવભરી વંદના!

(લેખકઃ ડૉ. રમણલાલ ચી. શાહ, તા. ૧૬/૯/૯૧ના 'પ્રબુદ્ધ જીવન'માંથી સાભાર ઉદ્ધૃત.)

## ક્ષમાશીલ અને ભદ્રપરિણામી શાસનપ્રભાવક

# પૂ. આચાર્ય શ્રી વિજયક્ષમાભદ્રસૂરીશ્વરજી મહારાજ

ભારતવર્ષની વિશાળ ભૂમિ રત્નગર્ભા તરીકે પ્રખ્યાત છે. યુગે યુગે અનેક નરરત્નોની જનની બનીને આ ભોમકાએ ધર્મના સંદેશને દિગ્દિગંતમાં રેલાવ્યો છે. સંતો-મહંતોની મહાનતા, ઋષિઓનાં આર્ષવચનો, મહર્ષિઓનું આત્મૈશ્વર્ય અને વીતરાગદેવોની વીતરાગતા આ ભૂમિની ગૌરવપૂર્ણ યશગાથાઓ છે. સુરમ્ય કાશ્મીરની મનહર અને મનભર કુદરતના ખોળે જમ્મુમાં જન્મેલા એક નરરત્ને પૂર્વભવની આરાધનાના બળે ધર્મશ્રદ્ધાની મશાલ પેટાવી આત્માને વ્યાપી વળેલા અંધકારને ઉલેચવાનો નિર્ણય કર્યો. આત્મા અને પરમાત્માની માન્યતા ધરાવતા આ દેશમાં પરદેશીઓએ પગપેસારો કરીને ધર્મશ્રદ્ધાનાં મૂળને હચમચાવવાના પ્રયત્નો આદરી દીધા હતા; પરંતુ સામે પક્ષે ધર્મવીરોએ ધર્મજ્યોતને જલતી રાખવાના પ્રયત્નો આરંભી દીધા હતા. આ સમયગાળામાં સં. ૧૯૫૮ના માગશર સુદ ૧ને શુભ દિને જન્મેલા આ નરવીરે

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org